

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 027
Dt.: 05-10-2025,
Sunday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nakanram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


# ટ્રમ્પનું અલ્ટિમેટમ: હમાસ સંધિ કરે અથવા બરબાદી માટે તૈયાર રહે

## ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર યુદ્ધગ્રસ્ત વિસ્તાર ખાલી કરવા પેલેસ્ટાઈનવાસીઓને વિનંતી કરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હમાસ માટે આખરી ચેતવણી જારી કરી દીધી છે. હમાસને રવિવાર સુધીનો સમય આપવાની સાથે ટ્રમ્પે સ્પષ્ટ કહ્યું છે કે, સંધિ ન સ્વીકારે તો હમાસની બરબાદી નક્કી છે. હમાસ પર નરકની બધી યાતનાઓ એક સાથે તૂટી પડશે. એક યા બીજી રીતે શાંતિ જરૂર સ્થપાશે. ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે હમાસને અલ્ટિમેટમ આપ્યુ હતું અને ઈઝરાયેલ સાથે ગાઝા શાંતિ કરાર સ્વીકારવા (વોશિંગ્ટન સમય મુજબ) રવિવારે સાંજે ૬ સુધીનો સમય આપ્યો હતો. સાથે ટ્રમ્પે કહ્યું હતું કે, અગાઉ કોઈ ક્યારેય ન જોયું હોય તેવું નરક હમાસના માથે ત્રાટકશે. દરેક દેશે આ સંધિ સ્વીકારી લીધી છે અને હમાસ પાસે હવે આ કરાર કરવાની છેલ્લી તક છે.

હમાસ સંધિ નહિં સ્વીકારે તો પણ મિડલ ઈસ્ટમાં એક યા બીજી રીતે શાંતિ સ્થપાશે. ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર યુદ્ધગ્રસ્ત વિસ્તાર ખાલી કરવા પેલેસ્ટાઈનવાસીઓને વિનંતી કરી હતી.ગાઝાના સલામત વિસ્તારમાં નહીં ખસે તો પેલેસ્ટાઈનવાસીઓ પર મોતનું જોખમ રહેશે. સાથે ટ્રમ્પે કહ્યું હતું કે, સામા છેડે લોકો મદદ કરવા તૈયાર છે અને પેલેસ્ટાઈનવાસીઓએ સલામત સ્થળે ખસી જવું જોઈએ. હમાસ પાસે હજુ પણ છેલ્લી તક રહેલી છે. ૨૦ મુદ્દાના ગાઝા પીસ પ્લાનની વાત કરતાં ટ્રમ્પે કહ્યું હતું કે, ૩૦૦૦ વર્ષ પછી મિડલ ઈસ્ટના દેશો શાંતિ કરાર માટે સંમત થયા છે. હમાસ પણ સંમત થાય તો તેના લડવૈયાઓને માફ કરી દેવામાં આવશે. પાકિસ્તાનના વિદેશ મંત્રી ઈશાક ડારે દાવો કર્યો હતો કે, પાકિસ્તાન દ્વારા પ્રસ્તાવિત પીસ પ્લાન ટ્રમ્પે રજૂ કર્યો નથી. પાકિસ્તાને



આપેલા ડ્રાફ્ટમાં ટ્રમ્પે ફેરફાર કર્યા છે અને તેના પુરાવા પાકિસ્તાન પાસે છે. આ આખરી પરિણામ છે અને તેમાં રાજકારણ રમવાની કોઈ જગ્યા નથી.

ટ્રમ્પના વધુ એક નિર્ણયનો વિરોધ

# H1-B વિઝા ફીને અમેરિકાના સંગઠનોએ કોર્ટમાં પડકારી

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા H-1B વિઝા ફી વધારીને ૧,૦૦,૦૦૦ ડૉલર કરવાના આદેશ સામે કાનૂની લડાઈ શરૂ થઈ ગઈ છે. શુક્રવારે (ત્રીજી ઓક્ટોબર) યુનિયનો, નોકરીદાતાઓ અને ધાર્મિક સંગઠનોના એક ગઠબંધને સાન ફ્રાન્સિસ્કોની ફેડરલ કોર્ટમાં આ આદેશને તાત્કાલિક રોકવા માટે અરજી દાખલ કરી છે.

આ મુકદ્દમો ટ્રમ્પની બે અઠવાડિયા પહેલા જાહેર કરાયેલી જાહેરાતને કોર્ટમાં પડકારતો પહેલો કાનૂની કેસ છે. આ જાહેરાત મુજબ, અમેરિકામાં પ્રવેશતા નવા H-1B વિઝા ધારકોને ફક્ત ત્યારે જ પ્રવેશ મળશે જો તેમના નોકરીદાતાઓ આ વધારાની જંગી ફી ચૂકવે. જોકે, આ આદેશ જેમની પાસે પહેલેથી વિઝા છે અથવા જેમણે ૨૧મી સપ્ટેમ્બર પહેલા અરજી કરી છે તેમને લાગુ પડતો નથી.

અરજદારો જેમાં યુનાઈટેડ ઓટો વર્કર્સ યુનિયન, અમેરિકન એસોસિયેશન ઓફ યુનિવર્સિટી પ્રોફેસર્સ, એક નર્સ ભરતી એજન્સી અને અનેક ધાર્મિક સંગઠનોનો સમાવેશ થાય છે, તેમણે દલીલ કરી હતી કે, ટ્રમ્પ પાસે કાયદેસર રીતે સ્થાપિત વિઝા પ્રોગ્રામમાં આવા ફેરફારો કરવાનો અથવા નવી ફી લાદવાનો અધિકાર નથી. અમેરિકાના બંધારણ મુજબ માત્ર કોંગ્રેસ (સંસદ) પાસે જ ટેક્સ અથવા ફી લાદવાની સત્તા છે. વિઝા ફી વધારવાના પગલાને યોગ્ય ઠેરવતા ટ્રમ્પ વહીવટીતંત્રે દાવો કર્યો છે કે સિસ્ટમનો દુરુપયોગ અટકાવવા અને અમેરિકન વેતન સ્તર ઘટતા અટકાવવા માટે આ જરૂરી હતું. વ્હાઈટ હાઉસના પ્રવક્તા એબીગેઈલ જેક્સને જણાવ્યું હતું કે, આ પગલું એવી કંપનીઓને પણ ખાતરી આપે છે જેમને ખરેખર વિદેશી પ્રતિભાની જરૂર છે. હાલમાં નોકરીદાતાઓ H-1B સ્પોન્સરશિપ માટે કંપનીના કદના આધારે લગભગ ૨,૦૦૦થી ૫,૦૦૦ ડૉલર ફી ચૂકવે છે. ટ્રમ્પના આદેશથી આ ખર્ચ અનેક ગણો વધી જશે. H-1B પ્રોગ્રામ હેઠળ વાર્ષિક ૬૫,૦૦૦ વિઝા આપવામાં આવે છે, જેમાં એડવાન્સ ડિગ્રી ધારકો માટે વધારાના ૨૦,૦૦૦ વિઝા હોય છે. ૨૦૨૩-૨૪ના ડેટા અનુસાર, કુલ મંજૂર થયેલા વિઝામાંથી આશરે ૭૧ ટકા વિઝા ભારતને મળ્યા હતા, જે આ પ્રોગ્રામનો સૌથી મોટો લાભાર્થી દેશ છે. અરજીમાં ચેતવણી આપવામાં આવી છે કે આ નવો આદેશ એક "પે-ટુ-પ્લે" (Pay-to-Play) સિસ્ટમ બનાવશે, જ્યાં માત્ર ઊંચી ફી ચૂકવવા પરવડી શકે તેવી કંપનીઓ જ વિદેશી નિષ્ણાતોને નોકરી પર રાખી શકશે, જેનાથી નવીનતા અને ભ્રષ્ટાચારની સંભાવના વધશે.

FASTagને લઈને મોટા સમાચાર

# ટોલ પ્લાઝા પર રોકડમાં ચુકવણી કરવા પર વધારે ટોલ ફી ચૂકવવી પડશે

## FASTag વગરના વાહનો માટે ચુકવણીની પદ્ધતિ ટોલ ફી નક્કી કરશે આનો હેતુ ડિજિટલ ચુકવણીઓને પ્રોત્સાહન આપવા અને રોકડ વ્યવહારો ઘટાડવાનો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

૧૫ નવેમ્બરથી, માન્ય FASTag વગરના વાહનોએ ટોલ પ્લાઝા પર રોકડમાં ચુકવણી કરવા પર બમણી ટોલ ફી ચૂકવવી પડશે. જો કે, જો તેઓ UPI (યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ) દ્વારા ચુકવણી કરે છે, તો તેમણે સામાન્ય ફી કરતાં ૧.૨૫ ગણી ચૂકવણી કરવી પડશે. રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલય (MoRTH)એ રાષ્ટ્રીય હાઈવે ફી નિયમો, ૨૦૦૮માં સુધારો કર્યો છે. FASTag વગરના વાહનો માટે ચુકવણીની પદ્ધતિ ટોલ ફી નક્કી કરશે. આનો હેતુ ડિજિટલ ચુકવણીઓને પ્રોત્સાહન આપવા અને રોકડ વ્યવહારો ઘટાડવાનો છે. મંત્રાલયના એક નિવેદન અનુસાર, આ નિયમનો મુખ્ય ઉદ્દેશ્ય FASTag વગરના વાહનો માટે ડિજિટલ



ચુકવણીઓને પ્રોત્સાહન આપવા અને રોકડ વ્યવહારો ઘટાડવાનો છે. નવા નિયમ હેઠળ, માન્ય FASTag વગરના વાહનો પાસેથી રોકડ ચુકવણી માટે બમણી ટોલ ફી વસૂલવામાં આવશે. જો કોઈ વાહન UPI દ્વારા ચુકવણી કરે છે, તો તેણે ટોલ ફીના ફક્ત ૧.૨૫ ગણા ચૂકવવા પડશે.ઉદાહરણ તરીકે, જો કોઈ વાહનને FASTag દ્વારા રૂ.૧૦૦ ચૂકવવાની જરૂર હોય, તો કેસમાં ચુકવણી કરવા પર ૨૦૦ રૂપિયા અને UPI દ્વારા ૧૨૫ રૂપિયા થશે.મુસાફરી સરળ અને વધુ સસ્તી બનાવવા માટે રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર FASTag વાર્ષિક પાસ રજૂ કરવામાં આવ્યો હતો. આ વારંવાર રિચાર્જ કરવાની જરૂરિયાતને દૂર કરે છે. આ પાસ એક વર્ષ માટે માન્ય છે, અથવા ૨૦૦ ટોલ પ્લાઝા ક્રોસિંગ પર તેનો ઉપયોગ કરી શકાય છે. ૩,૦૦૦ રૂપિયાની એક વખતની ચુકવણી જરૂરી છે. મંત્રાલયે જણાવ્યું હતું કે ટોલ વસૂલાત પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવા, પારદર્શિતા વધારવા અને રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર મુસાફરો માટે મુસાફરી સરળ બનાવવા માટે આ ફેરફારો કરવામાં આવ્યા છે. આ નિયમ ૧૫ નવેમ્બર, ૨૦૨૫ થી અમલમાં આવશે.

મોરેશિયસમાં CJI ગવઈનું સૂચક નિવેદન

# બુલડોઝર નહીં પણ કાયદાનું શાસન ચાલે છે ભારતમાં

(સંપૂર્ણ સમાચાર સેવા)મોરેશિયસ

ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) બી. આર. ગવઈએ મોરેશિયસમાં એક કાર્યક્રમને સંબોધતા ભારતીય ન્યાયિક પ્રણાલીના મૂળભૂત સિદ્ધાંત પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, ભારતીય ન્યાયિક પ્રણાલી બુલડોઝરના શાસન દ્વારા નહીં, પરંતુ કાયદાના શાસન દ્વારા સંચાલિત થાય છે. તેમણે તાજેતરના એક ચુકાદાનો ઉલ્લેખ કરીને બુલડોઝર ન્યાયની સખત નિંદા કરી હતી.

કાયદાના શાસનના સિદ્ધાંત અને તેના વ્યાપક અર્થઘટન પર પ્રકાશ પાડતા CJI ગવઈએ કહ્યું, આ ચુકાદો સ્પષ્ટ સંદેશ આપે છે કે ભારતીય ન્યાયિક વ્યવસ્થા બુલડોઝરના શાસન દ્વારા નહીં, પરંતુ કાયદાના શાસન દ્વારા સંચાલિત થાય છે."

CJI બી. આર. ગવઈ જે હાલમાં મોરેશિયસની ત્રણ દિવસની મુલાકાતે છે, તેમણે પોતાના બુલડોઝર જસ્ટિસ કેસના ચુકાદાને ટાંક્યો હતો.

આ ચુકાદામાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, કથિત ગુનાઓના આરોપીઓના ઘરો તોડી પાડવાથી કાનૂની પ્રક્રિયાઓને બાયપાસ કરાય છે, જે કાયદાના શાસનનું ઉલ્લંઘન કરે છે અને બંધારણની કલમ ૨૧ હેઠળ આશ્રયના મૂળભૂત અધિકારનું પણ ઉલ્લંઘન કરે છે.

મહાત્મા ગાંધી અને બી.આર. આંબેડકરના યોગદાનનો ઉલ્લેખ કરતાં CJI ગવઈએ કહ્યું કે, તેમનું વિઝન દર્શાવે છે કે ભારતમાં કાયદાનું શાસન ફક્ત નિયમોનો સમૂહ નથી, પરંતુ તે સુશાસન અને સામાજિક પ્રગતિના ધોરણ તરીકે કામ કરે છે.ઉલ્લેખનીય છે કે, તેમણે તાજેતરના કેટલાક નોંધપાત્ર નિર્ણયોનો પણ ઉલ્લેખ કર્યો, જેમાં મુસ્લિમોમાં ટ્રિપલ તલાકની પ્રથા નાબૂદ કરવાનો નિર્ણય તેમજ ગોપનીયતાના અધિકારને મૂળભૂત અધિકાર તરીકે માન્યતા આપતા નિર્ણયના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો.

# અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીની ગોળી મારીને હત્યા કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)ટેક્સાસ

હૈદરાબાદના ૨૪ વર્ષીય ભારતીય વિદ્યાર્થીની કથિત રીતે અમેરિકાના ડલાસમાં એક પેટ્રોલ પંપ પર કામ કરતી વખતે ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી છે. પીડિત ચંદ્રશેખર પોલ, હૈદરાબાદથી બેચલર ઓફ ડેન્ટલ સર્જરીનો અભ્યાસ પૂરો કર્યા બાદ ૨૦૨૩માં અમેરિકામાં જતો રહ્યો. તેણે હાલમાં જ પોતાની માસ્ટર ડિગ્રી પૂરી કરી અને પેટ્રોલ પંપ પર પાર્ટ ટાઈમ કામ કરતા કોઈ ફુલ ટાઈમ રોજગાર શોધી રહ્યો હતો.ગોળીબાર નાઈફ શિફ્ટ દરમિયાન થઈ હતી. જ્યારે એક અજાણ્યા બંદૂકધારીએ ગોળીબાર કર્યો. આ ઘટનાથી સંબંધિત વિસ્તૃત જાણકારીની રાહ જોવાઈ રહી છે કેમ કે આ કેસમાં હાલમાં તપાસ ચાલી રહી છે. પોલના પરિવારે ભારત સરકારને તેના પાર્થિવ શરીરને સ્વદેશ મોકલવામાં મદદ કરવા અપીલ કરી છે. હૈદરાબાદમાં બીઆરએસ ધારાસભ્ય સુધીર રેડ્ડી અને પૂર્વ મંત્રી ટી હરીશ રાવે પરિવાર સાથે મળીને પોતાની સંવેદના વ્યક્ત કરી છે.એક ઓનલાઈન પોસ્ટમાં રાવે આ હત્યાને દુખદ ઘટના ગણાવી અને સરકાર પાસે છાત્રના પાર્થિવ શરીરને પરત લાવવા માટે તત્કાળ પગલાં ઉઠાવવાનો આગ્રહ કર્યો છે.

આરબીઆઈએ ૨૪ ઓક્ટોબર સુધીમાં મંતવ્યો મંગાવ્યા

# RBI એ કંપનીઓ માટે વિદેશી ચલણમાં લોનના ડ્રાફ્ટ નિયમો જાહેર કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ શુક્રવારે ભારતીય કંપનીઓને વિદેશી ચલણમાં ફંડ એકત્રીકરણ સરળ બનાવવા હેતુ ડ્રાફ્ટ નિયમો જાહેર કર્યા હતા. મધ્યસ્થ બેન્કે એક્સટર્નલ કમર્શિયલ બોરોઈંગ (ઈસીબી)ના નિયમોને ઉદાર બનાવવા પ્રસ્તાવ રજૂ કર્યો છે જેમાં ઉધાર લેનારાઓ તથા ધિરાણકર્તાઓનો વ્યાપ વધારવાનો સમાવેશ થાય છે. આરબીઆઈએ નિવેદનમાં જણાવ્યું હતું કે, ૧ ઓક્ટોબરના વિકાસલક્ષી અને નિયમનકારી નીતિઓ પર જાહેર કરાયેલા નિવેદન મુજબ, ફેમા, ૧૯૯૯ હેઠળ જારી કરેલા ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ (બોરોઈંગ અને લેન્ડિંગ) નિયમન, ૨૦૧૮માં સમાવિષ્ટ એક્સટર્નલ કમર્શિયલ બોરોઈંગના નિયમોને તર્કસંગત બનાવવાનો નિર્ણય લેવાયો છે. મધ્યસ્થ બેન્કના મતે ઋણની મર્યાદાને ઉધાર લેનારની આર્થિક શક્તિ સાથે સાંકળવાનો પ્રસ્તાવ છે અને બજાર-નિર્ધારિત વ્યાજ દરોને આધારે બાહ્ય વિદેશી ઋણ એકત્રીત કરી શકાશે. ડ્રાફ્ટ નિયમો મુજબ કંપનીઓને તેમની આર્થિક તાકાતને આધારે વિદેશમાંથી ફંડ એકત્ર કરવાની મંજૂરી અપાશે.ધિરાણ પ્રવાહની તકો વધારવા ઈસીબી વ્યવાહરો માટે પાત્રતા ધરાવતા બોરોઅર અને લેન્ડરનો બેઝ વિસ્તારવાની દરખાસ્ત પણ કરાઈ છે. કંપનીઓ એક અબજ ડોલર અથવા તેમની નેટવર્થના ૩૦૦ ટકા સુધી બંનેમાંથી જે વધુ હશે તે મુજબ વિદેશી ઋણ ઊભું કરી શકશે. નાણાંનો અંતિમ વપરાશ અને મિનિમમ એવરેજ મેચ્યોરિટી જરૂરિયાતોને પણ સરળ બનાવ્યા છે. આ ઋણ બજાર નિર્ધારિત વ્યાજ દર પર મેળવી શકાશે જેથી કંપનીઓને વૈશ્વિક ભંડોળ મેળવવામાં સુગમતા રહે. વિદેશી ધિરાણને વધુ આકર્ષક અને આંતરરાષ્ટ્રીય પ્રણાલીને અનુરૂપ બનાવવાના હેતુથી આ ફેરફારો કરવામાં આવ્યા છે. મજબૂત આર્થિક સ્થિતિ ધરાવતી કંપનીઓને વિદેશમાંથી મૂડી પ્રાપ્ત થઈ રહે તે સુનિશ્ચિત કરાયું છે. આ મુસદ્દા પર આરબીઆઈએ હિતધારકો તથા લોકો પાસેથી ૨૪ ઓક્ટોબર સુધીમાં મંતવ્યો મંગાવ્યા છે. તમામ સુચનો મળ્યા બાદ તેની સમીક્ષા કરીને અંતિમ નિયમો જાહેર કરાશે.

# ૧૪૦ વર્ષના ઈતિહાસમાં પહેલીવાર જાપાનમાં કોઈ મહિલા વડાપ્રધાન બનશે: સાને તાકાઈચીના નામને મંજૂરી

(સંપૂર્ણ સમાચાર સેવા)ટોક્યો

જાપાનની સત્તારુઢ લિબરલ ડેમોક્રેટિક પાર્ટી (LDP) એ શનિવારે પોતાના નવા અધ્યક્ષ તરીકે પૂર્વ આર્થિક સુરક્ષા મંત્રી સાને તાકાઈચીનાને પસંદ કર્યા છે. તાકાઈચીનાએ કૃષિ મંત્રી શિંજિરો કોઈઝુમીને કાંટાની ટક્કરમાં હરાવી દીધા છે. આ જીત સાથે તાકાઈચીનાનો દેશના પ્રથમ મહિલા વડાપ્રધાન બનવાનો માર્ગ લગભગ સાફ થઈ ગયો છે. સંસદમાં આગામી અઠવાડિયે થનારા મતદાનમાં LDP-કોમેઈતો ગઠબંધનને બહુમતી મળતાં તેમની નિમણૂક નિશ્ચિત માનવામાં આવી રહી છે.

પ્રથમ રાઉન્ડના મતદાનમાં તાકાઈચીનાને ૧૮૩ અને કોઈઝુમીને ૧૬૪ મત મળ્યા. પરંતુ કોઈને પણ સંપૂર્ણ બહુમતી ન મળતા તાત્કાલિક બીજા રાઉન્ડના રનઓફનું આયોજન કરવામાં આવ્યું, જેમાં તાકાઈચીનાએ જીત પ્રાપ્ત કરી. આ નિર્ણય એલડીપીના સાંસદો અને લગભગ દસ લાખ નોંધાયેલા સભ્યોના મતોના આધારે થયો. એલડીપીના કુલ પાંચ ઉમેદવારોને આ ચૂંટણીમાં મેદાનમાં ઉતાર્યા હતા, જેમાં બે વર્તમાન મંત્રીઓ અને ત્રણ પૂર્વ મંત્રી સામેલ હતા.

શરુઆતના રાઉન્ડમાં પ્રમુખ દાવેદારોમાં તાકાઈચીના, કોઈઝુમી અને મુખ્ય કેબિનેટ સચિવ યોશિમાસા હાયાશીનું નામ સૌથી આગળ માનવામાં આવી રહ્યું હતું.

તાકાઈચીના પાર્ટીના અલ્ટ્રા-રૂઢિચુસ્ત જૂથમાંથી આવે છે. જો તેઓ ઑક્ટોબરના મધ્યમાં સંસદીય મતદાનમાં બહુમતી મેળવે છે, તો તેઓ જાપાનના પ્રથમ મહિલા વડાપ્રધાન બની જશે. બીજી તરફ તેમના હરીફ કોઈઝુમી જો ચૂંટાય, તો તેઓ એક સદી કરતાં વધુ સમયમાં જાપાનના સૌથી યુવા વડાપ્રધાન બનશે.

જુલાઈમાં થયેલી સંસદીય ચૂંટણીમાં પાર્ટીની ઐતિહાસિક હારની જવાબદારી લેતા વર્તમાન વડાપ્રધાન શિગેરુ ઈશિબાએ સપ્ટેમ્બરમાં રાજીનામું આપી દીધું હતું. ઈશિબાએ ઑક્ટોબર ૨૦૨૪માં પદ સંભાળ્યું હતું, પરંતુ ઉપલા અને નીચલા ગૃહોમાં ગઠબંધન દ્વારા બહુમતી ગુમાવ્યા પછી પાર્ટીમાં વધતા અસંતોષને કારણે તેમણે રાજીનામું આપી દેવું પડ્યું હતું. તાજેતરના સમયમાં ન્હૈંને સતત ચૂંટણી હારનો સામનો કરવો પડ્યો છે અને સંસદના બંને ગૃહોમાં લઘુમતીમાં પહોંચી ગઈ છે. હવે પાર્ટી એવા નેતાને સામે લાવવા માગે છે જે જનતાનો વિશ્વાસ પાછો મેળવી શકે અને વિપક્ષના સહયોગથી નીતિઓને લાગુ કરી શકે.




